# કેડીલાએ એઆઈસીટીઈ સાથે મળીને યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપ્યું

અમદાવાદઃ નવી દિલ્હીમાં યોજાયેલકોન્ફેડરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રી (CII) એજ્યુકેશન સમીટના બીજા દિવસે ઑલ ઈન્ડીયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) અને કોન્ફેડરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રી (CII)એ મળીને ઉદ્યોગોના ટેકનિકલ સંસ્થાઓ સાથેના સહયોગની આઠમી એડીશનનાં પરિણામોજાહેર કરવામાં આવ્યાં હતા.ફાર્મસી સહિત નવ કેટેગરીમાં કુલ ૧૦ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ફાર્મસીના એવોર્ડઝને કેડીલા ફાર્માસ્યુટિકલ્સનુ સમર્થન પ્રાપ્ત થયું હતું.

કેડીલા ફાર્માના ચેરમેન શ્રી રાજીવ મોદીએ તેમના પિતા સ્વ. ઈન્દ્રવદન એ. મોદીની સ્મૃતિમાં ઉદ્યોગ સાથે જોડાયેલ ઉત્તમ ફાર્માસ્યુટિકલ ઈન્સ્ટિટ્યુટ માટે એવોર્ડ ૨૦૧૪ માંશરૂ કર્યો છે.આ એવોર્ડ સૌ પ્રથમ વાર ડો. ડી.વાય. પાટીલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ એન્ડ રિસર્ચને એનાયત કરવામાં આવેલ છે.

ઉદ્યોગ સાથે ટેકનિકલ સંસ્થાના જોડાણ અંગેના સર્વેક્ષણમાં એઆઈસીટીઈ- સીઆઈઆઈના સર્વેક્ષણમાં વિસ્તૃતપણે એન્જીન્યરીગ, મેનેજમેન્ટ, આર્કિટેક્ચર અને ફાર્મસી સહિતની ચાર વિદ્યા શાખાઓમાં ભારતની ટેકનિકલ સંસ્થાઓના લિંકેજની ચકાસણી કરે છે. ઉપર દર્શાવેલાં ક્ષેત્રોમાં ડીગ્રી અને ડીપ્લોમા આપતી તમામ સંસ્થાઓ આ સર્વેક્ષણ માટે અરજી કરી શકે છે. સંસ્થાઓને પૂર્ણ કરવામાં આવેલા લાઈવ પ્રોજેકટસ, હાથ ધરેલા સંશોધન પ્રોજેકટસ, ઈન્ક્યુબેટ કરેલાં સ્ટાર્ટ-અપ્સની સંખ્યા, પ્લેસમેન્ટસ સહિતની બાબતોમાં ઉદ્યોગ સાથે સંબંધો જેવા માપદંડોના આધારે ચકાસવામાં આવે છે. (૧૯-૧)

# ડાન્સ વર્લ્ડ કપ ૨૦૨૦ માં ભારતની મેડલ ટેલી



અમદાવાદ : ડાન્સ વર્લ્ડ કપ એ નૃત્યની લિમ્પિક્સ છે, જેમા ૫૬ દેશો અને વિશ્વભરના દસ લાખ સ્પર્ધકો વાર્ષિક સ્પર્ધા કરે છે. આ વર્ષેડન્સ વર્લ્ડ કપ ઈન્ડિયા ક્વોલિફાયર્સ દરેક ડાન્સરને ભારતને ઈટાલી લઈ જવાની તક આપી રહ્યા છે. આપણા દેશમાં જે પ્રચંડ પ્રતિભા છે તેની સાથે ઈન્ડિયા ક્વોલિફાયર્સ નૃત્ય કરનારાઓ માટે તેમના નૃત્ય કેરિયર શરૂ કરવા અને વિશ્વના મંચ પર રજૂ કરવા માટે આ રોમ-૨૦૨૦ માં સ્થાપાયેલી ૪ વર્ષની વયથી ૨૫વર્ષસુધી નર્તકીમાટેએક ઉત્તમ મંચ છે.

ડાન્સ વર્લ્ડ કપ ઈન્ડિયા ક્વોલિફાયર્સના બ્રાન્ડ એમ્બેસેડર ડોક્ટર લુઈસ, એક આંતરરાષ્ટ્રીય શિક્ષક અને મહાન પ્રતિષ્ઠાની કોરિયોગ્રાફર છે અને ડાન્સ રિયાલિટી શોની દુનિયામાં ગણતરી કરવાની શક્તિ છે. તેમને નવી દિલ્હીની નેશનલ ઈનસ્ટિટ્યૂટ એજ્યુકેશન એન્ડ રિસર્ચ તરફથી ડાન્સમાં માનદ ડોક્ટોરેટથી નવાજવામાં આવ્યા છે.

ડાન્સ વર્લ્ડ કપના અર્જેન્ટીનાના ન્યાયાધીશ પાઓલા સોપ્રંજિ, ડાન્સ વર્લ્ડ કપના અધ્યક્ષ જોન ગ્રીમશો સાથે મળીને ઈન્ડિયા ક્વાલિફાયર્સનો નિર્ણય લેશે. પોઆલો સોપ્રંજિ ૯મી ફેબ્રઆરી, ૨૦૨૦ ના રોજડ કુક, ટાઉન, બૅંગ્લોરના સ્ટૂડિયોમાં ફલેમેંકોમાં પ્રમાણિત માસ્ટરક્લાસ પણ યોજશે. ★

# આવતા અઠવાડિયે સુપરહીરો ફ્લોર પર ચમકશે



અમદાવાદઃ 'મૃગતૃષ્ણા' ફિલ્મથી જાણીતા દિગ્દર્શક ડૉ.દર્શન અશ્વિન ત્રિવેદી તેમના આગામી ગુજરાતી ફિલ્મ "મારા પપ્પા સુપરહીરો" માટે અભિનય બેન્કર, રેવન્તા સારાભાઈ, શ્રદ્ધા ડાંગર, ભુષણ ભટ્ટ, ભવ્યા શિરોહી, ભરત ઠક્કર, પ્રિયંકા રાજા અને જાનુષી ઓઝાને એક સાથે લાવ્યા છે. ફિલ્મ સાહિત્ય અકાદમી વિજેતા યુવા લેખક રામ મોરીએ લખી છે.

ફિલ્મ બાપ-દીકરીના સંબંધ વિષે છે. ફિલ્મ મુળ મરાઠી ફિલ્મ માટે લખવામાં આવી હતી પરંતુ ડો.અશ્વિન ત્રિવેદીએ રામ મોરીને આખી વાર્તાને ગુજરાતી દર્શકો માટે ફરી લખવાનો આગ્રહ કર્યો હતો. ફિલ્મનો હેતુ ગુજરાતી સાથે સાથે આંતરરાષ્ટ્રીય દર્શકો સુધી પહોચવાનો પણ છે. તેમાં આજના સુપરહીરોની લોકચાહનાની પણ વાત કરવામાં આવી છે.

ફિલ્મમાં સંગીત મુળ અમદાવાદના મ્યુઝીક ડાયરેક્ટર નિશિત મહેતા આપશે. સિનેમેટોગ્રાફરમાથી દિગ્દર્શક બનેલા તપન વ્યાસ ફિલ્મનું શૂટિંગ કરશે. વીએફએક્સ અને એડિટિંગ બુર્ઝીન ઊનવાલા સંભાળશે. તેજસ્વી વિદ્યુત બુચ, મિલાપ સિહ જાડેજા અને યુ ટી રાવ ફિલ્મના નિર્માતા છે. -

# બૅંગલોર ડિવિઝન ખાતે ડબલીંગ કામગીરીના કારણે ૯ ફેબ્રુઆરીની રાજકોટ-કોઈમ્બતુર એક્સપ્રેસ ફેરફાર કરાયેલ માર્ગથી ચાલશે

અમદાવાદઃ દક્ષિણ પશ્ચિમ રેલવેના બૅંગલોર ડિવિઝન ખાતે યેલાહાંકા – ધમવિરમ રેલવે સેક્શનના ડબલીંગ કાર્યના કારણેતારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ ની ૧૬૬૧૩ રાજકોટ – કોઈમ્બતુર એક્સપ્રેસ વાયા ગુંટકલ – ધમવિરમ – રાજપુરમ – બંગારપેટ – જૌલારપેટ્ટેના બદલે વાયા ગુંટકલ – રેણીગુંટા – જૌલારપેટ્ટે થઈને ચાલશે. આજ રીતે ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ની ટ્રેન ૧૯૫૬૭ તુતીકોરીન – ઓખા વાયા જૌલારપેટ્ટે – રેણીગુંટા – ગુંટકલ થઈને ચાલશે. ૩૧ માર્ચ સુધી ભુજ – શાલીમાર એક્સપ્રેસ કટણી-બીના રેલવે સેક્શનમાં મોડી ઉપડશે. પશ્ચિમ મધ્ય રેલવે દ્વારા પાવર હાઉસોને કોલસાનું સપ્લાય નિશ્ચિત રૂપે પુરો પાડવા માટે ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી ટ્રેન નં. ૨૨૮૨૯ ભુજ – શાલીમાર એક્સપ્રેસ કટણી- બીના રેલવે સેક્શનમાં મોડી ઉપડશે. ★

# કોરોના એપિડેમિક - આઘાત તેવો પ્રત્યાઘાત વિશ્ર્વના લોકો વાર્યા નહીં વળે પરંતુ હાર્યા વળશે

આઘાત પ્રત્યાઘાતની થિયરી મુજબ તમે વિશ્ર્વમાં જીવોની કત્લેઆમ કરો છો તો સામે પ્રકૃતિ તમને પણ તેની શિક્ષા આપશે. ચાઈનામાં જે પ્રમાણે જીવોની કત્લેઆમ થાય છે તેનો જવાબ પ્રકૃતિએ લેવાનું શરૂ કર્યું છે. છેલ્લા અહેવાલ મુજબ ૫૨૫ માણસ મૃત્યુની શૈયા પર આરૂઢ થયા છે અને ૨૪ હજાર જેટલા લોકો અફેક્ટેડ છે. કોઈ ન પહોંચે એને એનું પેટ પહોંચે એ કહેવત અમથી તો નહીં પડી હોય. માણસ-જન પોતાને આ વિશ્ર્વનો ચક્રવર્તી માનીને જલ, જમીન, જંગલ અને જનાવર પર તૂટી પડ્યો છે. વિશ્ર્વની ટોચની સંસ્થાઓ માને છે કે ત્રીજુ વિશ્ર્વયુદ્ધ પાણી માટે થશે. વોશિંગ્ટન ટાઈમ્સના એક દિવસના છાપાનો કાગળ બનાવવા માટે ૫૦ હજાર વૃક્ષોનો સોથ વાળી દેવામાં આવે છે. કેમિકલ ફર્ટિલાઈઝર્સ અને પેસ્ટીસાઈડ્સના ઉપયોગ દ્વારા જમીનની ફળદ્રુપતા ઝડપથી નાશ પામવા લાગી છે. હેલિકોપ્ટરથી છાંટવામાં આવેલા આ વીષયુક્ત રસાયણોને કારણે માતાના દૂધ સુધી ડીડીટીના અવશેષો ૮૦૦ ગણા વધારે જોવા મળ્યા છે. પંજાબ અને હરિયાણામાં તો એક ટ્રેનનું નામ જ કેન્સર ટ્રેન પડી ગયું છે. કેમ કે તેમા મોટાભાગના મુસાફરોને કેન્સરનો રોગ લાગુ પડેલો હોય છે.

અને જનાવરોનું તો બીચારાનું કોઈ પુછનાર નથી. કેરાલા હાઈ કોર્ટે અને સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ ચુકાદો આપ્યો છે કે એકલા માણસના બાપની આ સૃષ્ટિ નથી. આ સૃષ્ટિ ઉપર પશુઓનો પણ સંપૂર્ણ અને સપ્રમાણ અધિકાર છે. ગેટ કરારમાં સહી કરેલા દેશોએ તો પશુઓને ફંડામેન્ટલ રાઈટ્સ આપવાનું ઠરાવી દીધેલું છે. જેમાં પશુને સુખેથી જીવવાનો, ભૂખ્યા નહીં રાખવાનો, દર્દ નહીં આપવાનો અને સન્માન સાથે જીવવાનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો છે. ચીનાઓ આમાંનું કાંઈ પાળતા નથી. અને પ્રકૃતિના અબાધિત નિયમોનો આદર નથી કરતા.

ચાયનામાં મંકિ ફેસ્ટિવલ થાય ત્યારે એક લાકડાના ટેબલમાં બે ભાગ પાડીને વચ્ચે વાંદરાનું મોઢું આવી શકે એવો બંને ટેબલ પર અર્ધગોળાકાર કરવામાં આવે છે. વાંદરાનું શરીર નીચેના ભાગમાં હોય છે અને ડોક ઉપર હોય છે. તેનું શરીર ભયંકર ઉકળતા ગરમ પાણીમાં બફાતુ હોય છે અને તેનું જે લોહી ગરમ થાય તે બ્રેઈન સુધી પહોંચે ત્યારે તે વાંદરાને ટેબલ પર બેસીને સાત-આઠ જણા ભેગા થઈને તે શેકાયેલા મગજનો આહાર કરતા હોય છે. હવે તેમના આખા શરીર સ્મશાનમાં બળી રહ્યા છે.

ભૂંડના શરીરમાં જીવતેજીવ મસાલો પહોંચે તો તે વધારે સ્વાદીષ્ટ બને તે માટે વચ્ચે અગ્નિ અને ચારેબાજુ અગ્નિમાં વચ્ચે ભૂંડને ગોળગોળ દોડાવવામાં આવે છે. પછી ભૂંડને ગરમી અને પરિશ્રમને કારણે તરસ ભયંકર લાગે ત્યારે લાલ મસાલાવાળુ પાણી પીવડાવવામાં આવે છે. જે આખુ તેના શરીરમાં ફરી વળે છે અને પછી એને એના શેકાયેલા શરીરને કાચામાં કાચુ કાપીને ખાવામાં આવે છે.

બજાજ, ઈબ્રાહીમ અને સિંઘ નામના ભારતના ત્રણ વૈજ્ઞાનિકોએ પોતાના પ્રથમાક્ષર પરથી બીસોલોજી ઓફ અર્થક્વેક્સ નામની થિયરી પ્રસિદ્ધ કરેલી છે અને વિશ્ર્વના ટોચના વૈજ્ઞાનિક સમારોહમાં સુઝહલ ખાતે ઈટિયોલોજી ઓફ અર્થક્વેક્સ નામે પ્રસિદ્ધ કરવામાં આવી છે. સમગ્ર વિશ્ર્વમાં આવતા ધરતીકંપો, સુનામીઓ અને કુદરતી આફતોનું મૂળ કારણ પશુની હત્યા છે. આ ત્રિપુટીએ સાબિત કર્યું હતું કે રેડિયો, ટીવી, સેટેલાઈટ અને એક્સપ્લોઝીવ એટમ બોમ્બના પણ વિસ્ફોટો તરંગોના આવાગમન પર નિર્ભર હોય છે. રશિયાના વૈજ્ઞાનિકે તો લ્યુનોખોદ નામના મશીનથી ચંદ્ર પરની રજકણને પૃથ્વી પર લાવવાનો સિદ્ધ પ્રયોગ કરેલો છે. આજ પ્રમાણે ધરતીકંપ પણ તરંગોના આધારે થાય છે જેમાં તેમણે ત્રણ તરંગોની વાત કરી છે. જેમાં પહેલા તરંગો અતિ વેગથી પસાર થતા હોય છે. બીજા પ્રકારના તરંગો પ્રમાણમાં ધીમી ગતિવાળા હોય છે પરંતુ તેઓ પશુઓની હત્યા થાય ત્યારે જેને આઈન્સ્ટાઈન પેઈન વેઝ કહે છે તેવા વેદનાના વાદળોને બાંધતા હોય છે. આવા વાદળોના મોજા ધીમે ધીમે એકઠા થઈને બળવાન થતા જતા હોય છે. જે સ્થાન પણ ફેરવી શકે છે અને જેમ પાણીના વાદળો ફાટે ત્યારે વરસાદ પડે છે તેમ આ વેદનાના વાદળનું એક્સપ્લોઝન થાય ત્યારે ભૂગર્ભના ખડકોને પણ તોડી નાખે છે. વિશ્ર્વમાં આવેલા ૨૫૦ ધરતીકંપોના સર્વે પછી તેમણે આ વાત જાહેર કરી હતી તે આજે અક્ષરશઃ સાચી પડી છે.

ચાઈનામાં વુહાન શહેરમાં વન્યજીવોની જે માર્કેટ છે તેના વિડિયો હવે વાઈરલ થવા માંડ્યા છે. દુનિયાભરના લોકો કદાચ ગાય, ભેંસ, ઘેટા, બકરા કે મરઘા - બતકાનું માંસ ખાતા હશે પરંતુ ચીનના લોકો તો ઉપર જણાવ્યું તે પ્રમાણે વાંદરા, કુતરા, બીલાડા અને કરચલાના તેમજ કાચબા, અજગર, સાપ, વિંછી કે દેડકાનું પણ માંસ ખાય છે. ઉપરાંત સી ફુડ્સમાં ડોલ્ફીન, શાર્ક, ઓક્ટોપસ વગેરે દરીયાઈ જીવોને પણ શેકીને ખાય છે. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ સર્પમાંથી કે ચામાચિડિયામાંથી આ વાઈરસ ફેલાયો છે. હજી તો આ તેમની માત્ર ધારણા છે પરંતુ તેના નામે લાખો ચામાચિડિયાઓને હવે આ લોકો બાળી નાંખશે. તેનું પ્રદૂષણ નવા રોગો ઉભા કરશે. ઓસ્ટ્રેલિયામાં પાણીના વપરાશના નામે ૧૦ હજાર ઉંટોને હેલિકોપ્ટરમાંથી શૂટ એટ સાઈટ કરવામાં આવ્યા. મેડ કાઉ ડિસિઝના નામે અગાઉ લાખો નિર્દોષ ગાયોની કત્લેઆમ કરવામાં આવી, સ્વાઈન ફ્લુ વખતે નિર્દોષ ડુક્કરોની કતલ કરવામાં આવી, આફ્રિકાના ઈબોલા વાઈરસે હાહાકાર મચાવ્યો ત્યારે પણ ચામાચિડિયાઓની કત્લેઆમ કરવામાં આવી.

ચીનમાં સાર્સ નામનો અગાઉ રોગ જોવા મળેલો ત્યારે શિવેટ નામના પ્રાણીનો ભોગ લેવામાં આવ્યો હતો. ભારતમાં બર્ડ ફ્લુને કારણે લાખો મરઘાંનો સંહાર કરવામાં આવ્યો હતો. આ બધા રોગોની પાછળ દવાઓ બનાવતી કંપનીના માંધાતાઓ કરોડો - અબજો ડોલર કમાઈ જતા હોય છે. તેથી ગાંધી વૈદ્યનું સહિયારૂ ચાલતુ હોય છે. સૌથી વધારે મહત્ત્વની બાબત એ છે કે એક પશુની સામે બીજા પશુની કતલ કરવામાં આવે છે ત્યારે બીજા પશુના શરીરમાં ભયને કારણે જે વીષયુક્ત રસાયણો છૂટે છે તે રોગોત્પાદક છે. તેને કારણે તે માંસ ખાનારાઓના શરીરમાં ભયાનક રોગો પેદા થાય છે. એક કિલો માંસ પેદા કરવા માટે ૧૬ કિલો અનાજ અને ૧૪.૫ હજાર લિટર પાણી વપરાતું હોવાથી ચાઈનાની સરકારે માંસના વપરાશને ૫૦ ટકા ઘટાડવા માટેનું એલાન કરેલું હતું. પરંતુ હાલતાચાલતા જીવતા જીવોને કાચા ને કાચા ખાનારા લોકો હવે એનો ભોગ બની રહ્યા છે.

માણસનું શરીર માંસાહાર માટે યોગ્ય નથી. માટે હવે સમજીને જ પારોઠના પગલા ભરે તે તેના માટે હિતાવહ છે અન્યથા તુલસીએ ખરેખર કહ્યું છે કે તુલસી હાય ગરીબ કી કબહુ ખાલી ન જાય, મુએ ઢોરકે ચામસે લોહા ભસ્મ હો જાય. મરેલા ઢોરના ચામડાથી જો લોઢુ ભસ્મ થઈ જતું હોય તો જીવતા પશુઓની આવી હાયથી શું નહી થાય? ગાંધીજીએ ખરે જ કહ્યું છે કે એક દેશ પોતાના પશુ સાથે કેવો વ્યવહાર કરે છે તેનાથી તેના ચારિત્ર્યના આંકનું મુલ્યાંકન થઈ જતું હોય છે.પશુઓની મતબેન્ક કે યુનિયનો નહીં હોવાથી તેમની વિરુદ્ધ ગમેતેવા નિર્ણયો થઈ શકે છે.

ચાઈનાઓના ગામ સીલ કરવામાં આવે, રસ્તા રોડ ઉપર સહજ કરફ્યુ જણાય અને તેમના દેશમાંથી આવતા પ્રત્યેક વ્યક્તિઓને ૧૪ દિવસના ક્વોરેન્ટાઈનમાં રહેવું પડે, લોકો હડધુત કરે તેનાથી વધારે બીજી નાલેશી કઈ હોઈ શકે ? હજી તો પાશેરામાં આ પહેલી પુંણી છે. જાગ્યા ત્યારથી સવાર.

આપણે પ્રાર્થના કરીએ કે આ નિર્દોષ જીવોની થતી કત્લેઆમ હવે તુરંત પ્રતિબંધિત થાય. માણસ વાર્યો નહીં વળે પણ હાર્યો વળશે.

**- લેખક : અતુલકુમાર વ્રજલાલ શાહ, સીએ**

# ઓખા-ગુવાહાટી દ્વારકા એક્સપ્રેસમાં એક થર્ડ એસી કોચ કાયમી ધોરણે વધારવામાં આવ્યો

અમદાવાદઃ પશ્ચિમ રેલવે દ્વારા પ્રવાસીઓની માંગણી તથા તેમની સુવિધાને લક્ષ્યમાં રાખીને ટ્રેન નં. ૧૫૬૩૫/૧૫૬૩૬ ઓખા-ગુવાહાટી-ઓખા દ્વારકા એક્સપ્રેસમાં તારીખ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦ થી ગુવાહાટીથી તથા ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૦ થી ઓખાથી એક થર્ડ એસી કોચ કાયમી ધોરણે વધારવામાં આવ્યો છે. આ મુજબ ઉપરોક્ત તારીખોથી આ ટ્રેનમાં ૨૪ કોચ રહેશે. ઓખા-ગુવાહાટી-ઓખા દ્વારકા એક્સપ્રેસમાં તારીખ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦ થી ગુવાહાટીથી તથા ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૦ થી ઓખાથી એક થર્ડ એસી કોચ કાયમી ધોરણે વધારવામાં આવ્યો છે. ★

# ઈસા ફાઉન્ડેશન - એજ્યુકેશન ઈન્ડિયા પબ્લિક ટ્રસ્ટ દ્વારા સર્વ ધર્મ સમૂહ લગ્નનું આયોજન કરાશે




અમદાવાદઃ લગ્નો તો ઘણા થતા હશે પરંતુ અહીં અનોખા લગ્નનો મેળાવડો જોવા મળશે કેમ કે, ઈસા ફાઉન્ડેશન-એજ્યુકેશન ઈન્ડિયા પબ્લિક ટ્રસ્ટના સંયુક્ત સાહસ અને સહયોગ દ્વારા સર્વ ધર્મ સમૂહ લગ્નનું આયોજન ૮મી વખત કરવામાં આવશે. આ લગ્ન સમારોહ ઈવેન્ટ સેન્ટર, રીવરફ્રન્ટ, ટાગોર હૉલ અમદાવાદ ખાતે તારીખ ૮ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવશે.

આ સાથે જ આશીર્વાદ આપવા માટે અતિથિ વિશેષ તરીકે શ્રી નિતીનભાઈ પટેલ સાહેબ (ડેપ્યુટી સીએમ), શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ (શિક્ષણ મંત્રી) શ્રીમતી બીજલબેન પટેલ (મેયર, અમદાવાદ) આ સાથે શ્રી પરેશભાઈ ધાનાણી સાહેબ (ધારાસભ્ય, કોંગ્રેસ), શ્રી પરિંદુ ભગત (કાળુભાઇ), શ્રી ભરતભાઈ બારોટ (માજી કેબિનેટ મંત્રી, ગુજરાત) જેવા અન્ય મહાનુભાવો પણ હાજર રહેશે. (૨૦-૪)

**શુકરા જ્વેલરી લીમીટેડ**

સીન નં.
**L52393GJ1991PLC079516**
૩જો માળ,પંચધારા કોમ્પ્લેક્ષ, ધ ગ્રાન્ડ ભગવતી હોટેલ પાસે, એસ.જી. હાઈવે બોડકદેવ, અમદાબાદ ૩૮૦૦૫૪
ઈ-મેલ : shukrajewellery@yahoo.co.in
વેબ :www.shukrajewellery.in,
ફોન નં. : ૦૭૯- ૪૦૦૨૪૦૦૯

**નોટીસ**

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯ સાથે રેગ્યુલેશન ૪૭ વાંચતા તેની હેઠળ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ કે જે ૩જો માળ, પંચધારા કોમ્પ્લેક્ષ, ધ ગ્રાન્ડ ભગવતી હોટેલ પાસે, એસ.જી. હાઈ-વે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪ ખાતે આવેલ છે ત્યાં **૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ શુક્રવાર સાંજે ૧૬.૩૦ વાગ્યે** કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીગ નીચેની બાબતો ધ્યાન પર લેવા.

૧. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટર અંતે અન-ઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સ ને ધ્યાન ઉપર અને રિકાર્ડમાં લેવા મળનાર છે.

ઉપરોક્ત જાણકારી કંપની વેબસાઈટ www.shukrajewellery.in અને બીએસઈ વેબસાઈટ www.bseindia.comપર ઉપલબ્ધ છે.

શુકરા જ્વેલરી લીમીટેડ વતી
સહી/
ચન્દ્રકાંતશાહ
ડિરેક્ટર (ડીન : ૦૧૧૮૮૦૦૧)

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૭.૦૨.૨૦૨૦

**નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે **યુનાઇટેડ ફાસ્ફોરસ લી.**ના નીચે આપેલા સર્ટિફિકેટ નં. ૧૪૭૪૬, ફોલિયો નં. ૦૦૧૨૯૪૪, ડિસ્ટ. ૪૩૫૯૮૧૪૭૦- ૪૩૫૯૮૧૪૭૦- ૪૩૫૯૮૧૬૩૪, સર્ટિ. નં. ૧૬૮૨૪૬, ફોલિયો નં. ૦૦૧૨૯૪૪, ડિસ્ટ. નં. ૫૨૫૫૪૭૫૮- ૫૨૫૫૪૭૯૦ અને સર્ટિ. નં. ૨૭૫૧૭, ફોલિયો નં. એમ૦૦૮૬૮૨, ડિસ્ટ. નં. ૫૪૪૦૯૮૮૭૯- ૫૪૪૦૯૯૪૭૮ નોરાતમલ દાણી અને મોનુ દેવી દાણી નામે છે, તે ખોવાયેલ છે. એ જી ડી પી. એસ. બોબઝાર પહેલા જી.ડી. નં. ૨૯૭૪ તારીખ ૨૯/૦૭/૨૦૧૯માં નોંધાયેલ છે. જેથી જાહેરમાં આ શેર્સ સાથે કોઈ પણ રીતે વ્યવહાર નહી કરવા અંગે ચેતવણી આપવામાં આવે છે.

**SHANGAR DÉCOR LIMITED**

**(CIN:L36998GJ1995PLC028139)**
Registered Office: 4, Sharad Flats, Opp. DharnidharDerasar, B/h. Sales India, Paldi, Ahmedabad -380007
Ph no. 079-26634458, 26622675
info@shangardecor.com , www.shangardecor.com

**NOTICE**

Notice is hereby given in compliance with Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligation and Disclosure Requirement) Regulation, 2015, that a Meeting of the Board of Directors of the Company will be held on Friday, February 14, 2020 at interalia, consider and approve the Unaudited Standalone Financial Results of the Company for the third quarter ending 31st December, 2019, subject to a Limited Review by the Statutory Auditors of the Company.

The intimation is also available on the website of BSE Limited (www.bseindia.com) where the Company's shares are listed.

For, Shangar Décor Limited
Sd/-
Samir Shah
Managing Director
(DIN: 00787630)

Place: Ahmedabad
Date: 06th February, 2020

**ઇન્ટરેક્ટીવ ફાઈનાન્સિયલ સર્વિસીસ લીમીટેડ**

રજી. ઓફીસ : એ -૧૦૦૬, પ્રીમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત, ભારત.
CIN: L65910GJ1994PLC023393 ફોન નં. +૯૧-૭૯-૨૬૪૨ ૭૪૨૮
www.ifinservices.com info@ifinservices.com,

**નોટીસ**

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯ (૧) (એ) સાથે રેગ્યુલેશન ૪૭ વાંચતા તેની હેઠળ ૩૧મી, ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટર અંતે અન-ઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સ ને ધ્યાન ઉપર અને રિકાર્ડમાં લેવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ એટ્ એ- ૧૦૦૬, પ્રિમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ , આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૯ ખાતે **૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૦ (શુક્રવાર)ના રોજ સાંજે ૪.૦૦** વાગ્યે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીગ મળનાર છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના ઓર્ડર વતી
સહી/-
શ્રી ઉદ્યન માંડવીયા
મેનેજીંગ ડિરેક્ટર
ડીન: ૦૦૭૪૦૬૧૫

તારીખ : ૦૬/૦૨/૨૦૨૦
સ્થળ : અમદાવાદ

**MAS FINANCIAL SERVICES LTD.**

**Regd. Office:** 6,Ground Floor, Narayan Chambers, B/h Patang Hotel, Ashram Road, Ahmedabad-380 009.
**Phone No.:** +91 79 41106500, **Fax No.:** +91 79 41106597, **E-mail :** riddhi_bhayani@mas.co.in, **Website:** www.mas.co.in
**CIN: L65910GJ1995PLC026064**

**Extract of standalone and consolidated unaudited financial results for the quarter & nine months ended 31 December 2019**

(₹ in Lakh)

| Sr. No. | Particulars | Standalone | | | Consolidated | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 31 December 2019 (Unaudited) | Nine months ended 31 December 2019 (Unaudited) | Quarter ended 31 December 2018 (Unaudited) | Quarter ended 31 December 2019 (Unaudited) | Nine months ended 31 December 2019 (Unaudited) | Quarter ended 31 December 2018 (Unaudited) |
| 1 | Total income from operations | 18,340.47 | 50,983.28 | 16,143.00 | 19,377.80 | 53,965.26 | 16,997.60 |
| 2 | Net profit/(loss) for the period (before tax, exceptional and/or extraordinary items) | 7,392.60 | 18,652.95 | 6,935.78 | 7,524.11 | 19,058.25 | 7,016.91 |
| 3 | Net profit/(loss) for the period before tax (after exceptional and/or extraordinary items) | 7,392.60 | 18,652.95 | 6,935.78 | 7,524.11 | 19,058.25 | 7,016.91 |
| 4 | Net profit/(loss) for the period after tax (after exceptional and/or extraordinary items) | 5,512.24 | 14,252.42 | 4,545.36 | 5,603.66 | 14,554.76 | 4,613.48 |
| 5 | Total comprehensive income for the period [comprising profit/(loss) for the period (after tax) and other comprehensive income (after tax)] | 5,459.10 | 14,444.86 | 4,278.63 | 5,550.21 | 14,746.26 | 4,348.17 |
| 6 | Paid up equity share capital | 5,466.20 | 5,466.20 | 5,466.20 | 5,466.20 | 5,466.20 | 5,466.20 |
| 7(i) | Earning per share(of ₹ 10/- each) (for continuing and discontinued operations) - ((including exceptional item) (not annualised for quarter)) | | | | | | |
| | 1. Basic (₹) | 10.08 | 26.07 | 8.32 | 10.18 | 26.40 | 8.44 |
| | 2. Diluted (₹) | 10.08 | 26.07 | 8.32 | 10.18 | 26.40 | 8.44 |
| 7(ii) | Earning per share(of ₹ 10/- each) (for continuing and discontinued operations) - ((excluding exceptional item) (not annualised for quarter)) | | | | | | |
| | 1. Basic (₹) | 10.08 | 26.07 | 8.32 | 10.18 | 26.40 | 8.44 |
| | 2. Diluted (₹) | 10.08 | 26.07 | 8.32 | 10.18 | 26.40 | 8.44 |

**Note:**

a) The above is an extract of the detailed format of unaudited financial results for the quarter and nine months ended 31 December 2019 which have been reviewed by the Audit Committee in their meeting held on 5 February 2020 and the same was approved by the Board of Directors in their meeting held on 5 February 2020, subjected to a limited review by the Statutory Auditors and filed with the Stock Exchanges under regulation 33. The full format of the quarterly financial results are available on the websites of the Stock Exchanges at www.bseindia.com, www.nseindia.com, and on the website of the Company at www.mas.co.in.

b) The unaudited standalone and consolidated financial results of the Company have been prepared in accordance with the recognition and measurement principles as laid down in the Indian Accounting Standard (referred as "IND AS") 34 - Interim Financial Reporting, prescribed under section 133 of the Companies Act, 2013 read with relevant rules issued thereunder and other accounting principles generally accepted in India.

For and on behalf of the Board of Directors of
MAS Financial Services Ltd.
Sd/-
Kamlesh C. Gandhi
(Chairman & Managing Director)
(DIN - 00044852)

Place : Ahmedabad
Date : 5 February 2020

**ઈન્ડિયા ઈન્ફ્રાસ્પેસ લીમીટેડ**

**CIN: L45201GJ1995PLC024895**
રજીસ્ટર્ડ ઓફિસઃ ૭૦૧, સારપ બિલ્ડિંગ,નવજીવન પ્રેસ સામે, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૪
ફોનઃ ૦૭૯-૨૭૫૪૪૦૦૩,ફેક્સ : ૦૭૯-૨૭૫૪૩૬૮૧૫,
ઈ-મેઈલઃ investonindiainfraspace@gmail.com

**નોટીસ**

રેગ્યુલેશન ૨૦૧૫ સેબી (લીસ્ટીગ ઓબ્લીગેશન એન્ડ ડીસકલોઝર રીકવાયરમેન્ટ) ના રેગ્યુલેશન ૪૭ સાથે રેગ્યુલેશન ૨૯ વાંચતા તે મુજબ આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેકટરર્સની મીટીંગ શુક્રવાર ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ કંપનીની રજીસ્ટર્ડ ઓફીસે ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ પુરા થતા ક્વાર્ટર અને નઉ માસિક અંતે અનઓડીટેડ ફાઈનાન્સીયલ પરિણામોની મંજુરી માટે મળનાર છે.

આ માહિતી કંપનીની વેબસાઈટ www.indiainfraspace.com પર અને સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

ઈન્ડિયા ઈન્ફ્રાસ્પેસ લી. વતી
પ્રદીપ બી. શાહ
મેનેજીંગ ડિરેક્ટર
ડિનઃ ૦૦૨૯૭૧૨૦

તારીખ : ૦૬/૦૨/૨૦૨૦
સ્થળ : અમદાવાદ

**યુનીસન મેટલ્સ લિમીટેડ**

**CIN:L52100GJ1990PLC013964**
રજી. ઓફીસ : પ્લોટ નં. ૫૦૧૫, ફેઝ-૪, રામોલ ચારરસ્તા, જીઆઈડીસી, વટવા, અમદાવાદ- ૩૮૨૪૪૫, કોન્ટેક્ટ : ૦૭૯-૨૫૮૪૧૫૧૨
ઈ-મેલ : unisonmetals@gmail.com. વેબસાઇટ : www.unisongroup.net

**સૂચના**

આથી સુચના આપવામાં આવે છે કે સેબી(LODR) રેગ્યુલેશન ૨૦૧૫ની રેગ્યુલેશન ૨૯ સાથે રેગ્યુલેશન ૪૭ મુજબ કંપનીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની બેઠક, બીજી બાબતોની સાથોસાથ કંપનીના ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ત્રિમાસીક અન-ઓડીટેડ નાણાંકીય પરિણામો રેકોર્ડ પર લેવા માટે શુક્રવાર, ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ યોજાશે.

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.unisongroup.net પર એક્સેસ કરી શકાય છે, અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર પણ એક્સેસ કરી શકાય છે.

યુનિસન મેટલ્સ લિમીટેડ
મિતાલીબેન આર.પટેલ
કંપની સેક્રેટરી

સ્થળ :- અમદાવાદ
તારીખ :- ૦૬-૦૨-૨૦૨૦